# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PRIME MINISTER MODI - LONGEST TERM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા છે. શ્રી મોદીએ 26 મે, 2014ના રોજ શપથ લીધા હતા. તેમણે પંડિત જવાહરલાલ નેહરુના રેકોર્ડને તોડી નાખ્યો છે. શ્રી નહેરુએ 13 મે, 1952ના રોજ ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા અને 27 મે, 1964 સુધી સેવા આપી હતી.

પંડિત નેહરુનો ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકેનો કાર્યકાળ ચાર હજાર 398 દિવસનો હતો, જ્યારે 26 મે, 2014થી આજે 10 જૂન 2026 સુધી પ્રધાનમંત્રી મોદીનો સતત કાર્યકાળ હવે ચાર હજાર 399 દિવસનો થઈ ગયો છે. આ કાર્યકાળે તેમને ભારતના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે સેવા આપનારા બનાવ્યા છે.

વિશ્વના અનેક દેશોના નેતાઓએ ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા છે. તેમણે પ્રધાનમંત્રીના પરિવર્તનશીલ શાસન, વિકાસશીલ દેશો માટેના તેમના પ્રયાસો અને સમાવેશી અને આર્થિક રીતે ગતિશીલ ભારત માટેના તેમના વિઝનની પ્રશંસા કરી છે.

# CM LETTER

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સફળ અને સતત 12 વર્ષના સુશાસન બદલ પત્ર લખીને ગુજરાત વતી હાર્દિક અભિનંદન પાઠવ્યા. પત્રમાં શ્રી પટેલે તેમના તેમના કાર્યકાળ દરમિયાન હાંસલ થયેલી અનેક સિદ્ધીઓનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, પીએમ મોદીના નેતૃત્વમાં વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના કારણે દેશના 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા. તેમણે ગિફ્ટ સિટી, ધોલેરા SIR, ગ્રીનફિલ્ડ એરપોર્ટ અને બુલેટ ટ્રેન જેવા મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની પ્રશંસા કરી. તેમણે કહ્યું, પ્રધાનમંત્રીના નેતૃત્વમાં દેશના પ્રથમ સેમિકન્ડક્ટર હબ તરીકે ધોલેરા અને સાણંદ ખાતે 6 જેટલા પ્લાન્ટ્સ સાથે ગુજરાત સંપૂર્ણ સજ્જ બન્યું છે. શ્રી પટેલે આયુષ્માન ભારત, ઉજ્જ્વલા, પીએમ આવાસ અને જલ જીવન મિશન જેવી યોજનાઓથી સામાન્ય નાગરિકોના જીવનધોરણમાં ગુણાત્મક પરિવર્તનનો પણ ઉલ્લેખ કર્યો.

# PM 12 YRS GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 12 વર્ષના સફળ શાસનની ઉજવણી માટે આજે તેમના વતન, વડનગરમાં વિવિધ ઉજવણીનું કરવામાં આવી રહી છે. સ્થાનિક વહીવટીતંત્ર અને જાહેર સંગઠનોએ વિકસિત ભારતના સંકલ્પને સમર્થન આપવા માટે જનભાગીદારી પર કેન્દ્રિત અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું છે. સાંભળીએ એક અહેવાલ..

## (VOICE CAST: APARNA KHUNT)

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં આજે તેમના 12 વર્ષના સફળ શાસનની ઉજવણીમાં અનેક વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગની ઉજવણી નિમિત્તે આજે સાંજે ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે ભવ્ય 'મહા આરતી' અને દસ હજાર દીવાઓ પ્રગટાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યભરના વિવિધ 18 ધાર્મિક સ્થળોએ એક સાથે સ્વચ્છતા અભિયાન અને મહા આરતીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અડાલજના ત્રિમંદિર ખાતે આરતીનું નેતૃત્વ કરશે. આ સાથે વડનગરના પ્રાચીન હાટકેશ્વર મહાદેવ મંદિરમાં પણ અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો પ્રારંભ સાંજે સ્વચ્છતા અભિયાન અને સફાઈ કામદારોના સન્માન સમારોહ સાથે થશે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા મંદિરમાં સાંજે 7 વાગ્યે બીજી ભવ્ય 'મહા આરતી'નું નેતૃત્વ કરશે, જેમાં મોટી સંખ્યામાં નાગરિકો, પક્ષના કાર્યકરો અને ભક્તો ભવ્ય ઉજવણીમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.)*

# CHHOTAUDEPUR SWATCHTA

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના 12 વર્ષ નિમિત્તે રાજ્યમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે આજે છોટાઉદેપુરમાં વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું. ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં આગેવાનો અને નગરપાલિકાના સભ્યોએ સફાઈ કામગીરીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી રાઠવાએ સ્વચ્છતા અંગે વિશેષ સંદેશ આપ્યો.

**(BYTE: RAJENDRASINH RATHWA, MLA)**

# OPERATION MILAP

ગુજરાત પોલીસે 'ઓપરેશન મિલાપ' હેઠળ એક મહિનામાં 1,470 ગુમ થયેલા વ્યક્તિઓને શોધી કાઢ્યા. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ આ કાર્યવાહીમાં 852 મહિલાઓ, 342 પુરુષો, 42 સગીર અને 234 સગીરાઓને શોધી કાઢવામાં આવી છે. આ વિશેષ અભિયાન હેઠળ સુરત શહેર પોલીસે સૌથી વધુ 341 વ્યક્તિઓને શોધી કાઢ્યા છે. આ અંગે રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે જણાવ્યું, ગુમ થયેલા વ્યક્તિઓને શોધવા માટેનું વિશેષ અભિયાન પૂર્ણ થયું હોવા છતાં અમારા પ્રયાસો અહીં અટકવાના નથી. પોલીસ અધિકારીઓને નિયમિત પોલીસ કામગીરીની સાથે ગુમ થયેલા વ્યક્તિઓના કેસોમાં સતત કામગીરી ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે.

# MAHISAGAR DEATH

મહીસાગર નદીમાં નાહવા પડેલા બે યુવાનોના મોત થયા છે. બંને યુવક લુણાવાડાથી લીંબોદરા ગામ પાસે નાહવા ગયા હતા જ્યાં પાણીના પ્રવાહમાં તણાયા હતા. ફાયર વિભાગે શોધખોળ દરમિયાન એક યુવકને મૃત હાલતમાં બહાર કાઢ્યો હતો. બે દિવસ બાદ શોધખોળ દરમિયાન બીજા યુવકનો મૃતદેહ પણ કોલવણ ગામ પાસેથી મળી આવ્યો.

# VALSAD MADAK PADARTH

વલસાડ જિલ્લાના પારડીના સરોધી ગામમાંથી માદક પદાર્થના છોડ મળી આવ્યા છે. પોલીસે ખેતરમાંથી 37 લાખથી વધુની કિંમતના માદક પદાર્થના છોડનું વાવેતર ઝડપી પાડ્યું. SOGની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને ખેતરમાંથી અંદાજે 74 કિલોગ્રામ માદક પદાર્થના લીલા છોડ જપ્ત કર્યા છે, આ મામલે પોલીસે એક આરોપીની પણ ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધારને પકડવા માટે શોધખોળ હાથ ધરી છે.

# TAPI RETI

તાપી જિલ્લાના નિઝર તાલુકામાં ભૂસ્તર વિભાગે ગેરકાયદે રેતી ખનન કરતાં શખ્સો સામે કડક કાર્યવાહી કરી છે. જેમાં સુલવાડા-વ્યાવલ નદી પટ્ટ વિસ્તારમાં બિનઅધિકૃત રેતી ખનન અને વહન કરતા કુલ 9 ડમ્પર, 1 યાત્રિક નાવડી, 1 મશીન અને 1 ટ્રેક્ટર કબજે કરાયા છે. ઝડપાયેલા મુદ્દામાલની અંદાજિત કુલ કિંમત આશરે અઢી કરોડ રૂપિયા હોવાનું સામે આવ્યું.